# ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવનવૃતાંશ

**ડૉ.શ્રીધર નિમાવત**
અધ્યાપક મહાત્મા ગાંધી ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડીઝ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

Received: Feb. 14, 2018 Accepted: March 15, 2018

*હક્કને માટે લડાઈ લડો, લડી નહિ શકતા હોવ તો લખો, લખી નહિ શકતા હોવ તો સાથ આપો. સાથ પણ નહિ આપી શકતા હોવ તો, જેઓ લખી અને બોલી રહ્યા છે, લડી રહ્યા છે, તેમને વધુમાં વધુ સહયોગ કરો. તે પણ જો તમે નહિ કરી શકતા હોવ તો, કમસે કમ મનોબળ તો તોડવાનો પ્રયત્ન ન કરો.*
***- ડૉ.બી.આર. આંબેડકર***

ભારતના લોકો જયારે સ્વતંત્રતાની ઈચ્છા ધરાવતા હતા ત્યારે દેશનો એક હિસ્સો જાતિવાદની અગ્નિથી રિબાતો હતો. આવા સમયે પ્રાપ્ત થનાર આઝાદી શું સાચા અર્થમાં આઝાદી કહેવાય ખરી? આ આઝાદી શું સમાજના દરેક વર્ગને સરખો હક્ક આપશે ખરી? આ આઝાદી લોકોના જાતિવાદ અંગેના અભિપ્રાયોમાં હકારાત્મક પરિવર્તન લાવશે ખરી? આવા અનેક પ્રશ્ન વચ્ચે જાતિવાદથી પીડાતો વર્ગ પણ સમાજમાં સન્માન અને સ્વતંત્રતાથી જીવી શકે આવી ખેવના સાથે શોષિત પીડિતોના મસીહા, મહાપુરુષ, મહામાનવ બાબા સાહેબ આંબેડકર અવતર્યા.

ભીમરાવ રામજી આંબેડકર (14 એપ્રિલ 1891 થી 6 ડિસેમ્બર 1956) એક કાયદાશાસ્ત્રી, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર અને અર્થશાસ્ત્ર તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકરના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓએ ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી. તેઓએ ભારતીય બંધારણસભામાં નિભાવેલી જવાબદારીઓને કારણે તેમને બંધારણના ઘડવૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા.

"હું એક એવો આદર્શ સમાજ ચાહું છું, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ પર આધારિત હોઈ" આવી ક્રાંતિકારી અને બહાદુરભરી ભાવના સેવનાર ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891 માં મહુ, મધ્યપ્રદેશમાં ( મધ્યપ્રદેશની મિલિટ્રી હેડકવાર્ટર્સ ) એક સામાન્ય અછૂત ગણાતા મહાર કુટુંબમાં થયો હતો. પિતા રામજી માલોજી સક્પાલ અને માતા ભીમાબાઈનું તે 14મુ સંતાન હતા આંબેડકરનું ભીમરાવ નામ તેમના માતાના નામ પરથી પડ્યું હતું. તેમનું મૂળ ગામ મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશના રત્નાગીરી જિલ્લાનું અંબાવડે હતું. ભીમરાવનો જન્મ મહાર જ્ઞાતિમાં થયો હોવાથી તેમને પણ બાળપણથી જ સામાજિક આર્થિક ભેદભાવ સહન કર્યા હતા.

ભીમરાવના જન્મ સમયે ભારતમાં તે વખતે અંગ્રેજોનું રાજ હતું. ભીમરાવના પિતા માલોજી સક્પાલ અંગ્રેજોના સૈન્યમાં સુબેદાર હતા. ભીમરાવના જન્મ સમયે હિન્દુ ધર્મમાં યજ્ઞકાંડ, પ્રાણીહિંસા, અંધશ્રદ્ધા, છુત- અછૂતની ભાવના હદ કરી ગઈ હતી. એ સમયે અછૂતોની સ્થિતિ દયનીય હતી. તેમના માટે જાહેરકુવા, તળાવથી પાણી ભરવાની મનાઈ હતી, મંદિર અને શાળાઓમાં પ્રવેશની મનાઈ હતી. ભીમરાવ પણ હિન્દૂ ધર્મની બ્રાહ્મણી વર્ણવ્યવસ્થા મુજબ કહેવાતા અછૂત ગણાતી મહાર જ્ઞાતિનું સંતાન હોવાથી તેમને પણ શાળાની બાહર બેસીને ભણવું પડ્યું હતું. ભીમરાવ આંબેડકરને બાળપણથી જ પુસ્તકો પ્રત્યે વધારે લગાવ હતો. બાળપણમાં એકવાર તેમને વિજ્ઞાનનું પુસ્તક ખરીદવા માટે પોતાની નાનીએ આપેલું ચાંદીનું લોકેટ પણ વેચી દીધું હતું

માત્ર 6 વર્ષની ઉંમરે ભીમરાવે માતાની છત્રછાયા ગુમાવી. આ કારણસર તેમના બાળમાનસ ઉપર ગંભીર અસર પડી હતી. આવા સમયે તેમના પિતા અને ફોઈએ ભીમરાવની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી હતી1. ભીમરાવ મૂળ અંબાવડે ગામના હતા તેથી તેમના પિતાએ શાળામાં ભીમરાવની અટક સક્પાલની જગ્યે આંબાવડેકર લખાવી હતી. ભીમરાવ ભણવામાં ખુબ હોશિયાર હોવાથી તેમના શિક્ષકને ખુબ વ્હલા હતા. ભીમરાવની અટક આંબાવડેકર હતી જે બોલવામાં ખુબ તકલીફ પડતી હતી જેથી તેમના શિક્ષક2 પોતાની આંબેડકર અટક ભીમરાવને આપી ત્યારથી તેઓ ભીમરાવ આંબેડકર તરીકે ઓળખાય. શરૂઆતની પ્રાથમિક કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂર્ણ કરી. અસ્પૃશયતાને લીધે તેમને ઘણું સહન કરવું પડ્યું હતું. ભીમરાવના પિતાને મુંબઈમાં રહેવાનું થયું એટલે ભીમરાવે હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું અને 1907 માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. મેટ્રિક પાસ થયા પછી

[1] રામજી સક્પાલ પત્નીના મૃત્યુ પછી બાળકોનું ભરણ પોષણ સારી રીતે કર્યું હતું. પરંતુ તેમને એક વિવધ સ્ત્રી જીજાબાઇ સાથે પુનઃલગ્ન કર્યા હતા.ભીમરાવ ની આ સાવકી માતા ભીમરાવની માતા ના ઘરેણાં પહેરતા તે ભીમરાવ ને બિલકુલ ગમતું નહિ. આ ઘટના ને કારણે રામજી સક્પાલ એ ભીમરાવ ને ધમકાવેલા

[2] કૃષ્ણાજી કેશવ આંબેડકર

ભીમરાવના લગ્ન રામી નામની બાળા સાથે થયા જેનું નામ ભીમરાવે પાછળથી રમાબાઈ રાખ્યું. ભીમરાવના કોલેજ શિક્ષણ માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપ3 ની વ્યવસ્થા કરી અને ભીમરાવ મુંબઈની પ્રખ્યાત એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. ભીમરાવે 1912માં મુંબઈ યુનિવર્સીટીમાંથી મુખ્ય વિષય અંગ્રેજી સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી. સ્નાતક થયા પછી ભીમરાવ વધુ અભ્યાસ કરી શકે આવા એમના કુટુંબના સંજોગો ન હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવની નિમણુક લશકરમાં એક લશકરી અધિકારી તરીકે કરી. વડોદરામાં ભીમરાવે આભડછેદના લીધે ખુબ હેરાન થવું પડ્યું. આ સમયે (2 ફેબ્રુઆરી 1913ના રોજ) ભીમરાવના પિતા રામોજી સકપાલનું પણ અવસાન થયું. પિતાના મૃત્યુથી ભીમરાવને ખુબ દુઃખ થયું આ સમયે વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ કેટલાક તેજસ્વી અછૂત વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે, ઉચ્ચ અભ્યાસ માટે, અમેરિકા મોકલવા માંગતા હતા. જેમાં ભીમરાવની પસંદગી થઈ. આમ ૧૯૧૩ના જુલાઈનાં ત્રીજા અઠવાડિયામાં ભારતનો એક અછૂત વિદ્યાર્થી વિદ્યાના ગહન શિખરો શર કરવા ન્યુયોર્ક પહોચી ગયો. અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં ભીમરાવે ખંતપૂર્વક અભ્યાસ શરુ કર્યો. અભ્યાસના પરિપાક રૂપે ભીમરાવે "પ્રાચીન ભારતીય વ્યાપાર" વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫માં કોલમ્બિયા યુનિવર્સીટીની એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ સતત અભ્યાસ ચાલુ રાખી ૧૯૧૬ માં એમણે પીએચ.ડી. માટે "બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ" વિષય ઉપરનો મહાનિબંધ કોલમ્બિયા યુનિવર્સીટીને રજુ કરી દીધો અને સર્વોચ્ચ એવી પી.એચ.ડી. ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યા. આમ આંબેડકર હવે ડૉ. આંબેડકર બની ગયા

ભીમરાવ આંબેડકરની જ્ઞાન માટેની ભુખ હજુય સંતોષાયેલી નહોતી. ૧૯૧૬ માં તેઓ અમેરિકાથી ઇંગ્લેન્ડ ગયા. અને લંડનમાં કાયદાનો અભ્યાસ શરુ કર્યો સાથે સાથે એમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ પણ ચાલુ જ રાખ્યો. પરંતુ પ્રતિકુળ સંજોગોને અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓને કારણે વિદ્યાભ્યાસ છોડી તેમને ભારત પાછા ફરવું પડ્યું. ઇંગ્લેન્ડથી પાછા આવ્યા પછી તેઓ વડોદરા નોકરી માટે ગયા. મહારાજા ગાયકવાડે આંબેડકરની નિમણુક વડોદરા રાજ્યના મીલીટરી સેક્રેટરી તરીકે કરી. પરંતુ મુશ્કેલીઓ, આભડછેટ અને અપમાનોના લીધે તેઓ વડોદરામાં સ્થિર થઇ શક્યા નહિ, ફરીવાર વડોદરાને તેમણે છેલ્લી સલામ કરી વિદાઈ લીધી. ડૉ.આંબેડકર હિંમત હારી જાય તેવા નહોતા. તેમને અનેક પ્રયત્ન કર્યા અને અંતે તેઓ સફળ થયા ૧૯૧૮માં મુંબઈની સિડનહામ કોલેજમાં તેઓ પ્રોફેસર તરીકે જોડાયા. આર્થીક ભીંસ ઓછી થવાથી અને થોડા પૈસા બચાવીને તેમજ કેટલીક રકમની મિત્રો પાસેથી વ્યવસ્થા કરીને ફરીવાર ડૉ.આંબેડકર ઇંગ્લેન્ડ ગયા અને કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો. ડૉ. આંબેડકરની ઇંગ્લેન્ડની સફર પહેલા તેમના પત્ની રમાબાઈએ ૧૯૨૦માં એક બાળકને જન્મ આપ્યો. જેનું નામ યશવંત રાખવામાં આવ્યું બીજા બે સંતાનો થયા પરંતુ તે જીવી શક્યા નહિ. ૧૯૨૩ માં ડૉ.આંબેડકર બેરિસ્ટર થયા. આજ વખતે ડૉ.આંબેડકરને તેમના મહાનિબંધ "રૂપિયાનો પ્રશ્ન" એ વિષય ઉપર લંડન યુનિવર્સીટી એ "ડૉક્ટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડીગ્રી એનાયત કરી. લંડનમાં અભ્યાસ પૂર્ણ થવાથી ડૉ. આંબેડકર જર્મની ગયા અને ત્યાં પ્રખ્યાત બોન યુનિવર્સીટીમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. પરંતુ જર્મનીમાં તેઓ લાંબો સમય રહી શક્યા નહિ. તેમને ભારત પાછા ફરવું પડ્યું.

જૂન ૧૯૨૮ માં ડૉ.આંબેડકર મુંબઈની ગવર્મેન્ટ લો કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા તેઓ કાયદાના અભ્યાસમાં નિપુણ હતા. જેથી વિદ્યાર્થીઓમાં તેઓ ઘણાજ પ્રિય થયા. આ સમયે "સાયમન કમિશન" ને મદદરૂપ થવા બ્રિટીશ ભારતમાં જુદી જુદી પ્રાંતીય સમિતિઓની રચના કરવામાં આવી. ૩ ઓગસ્ટ ૧૯૨૮ માં સરકારે ડૉ. આંબેડકરને મુંબઈની કમિટીમાં નીમ્યા. મુંબઈની ધારાસભામાં અને બહાર જાહેર સભાઓમાં ડૉ. આંબેડકરનો અવાજ ગાજવા લાગ્યો. ૨૩ ઓક્ટોબર ૧૯૨૮ ના રોજ ડૉ. આંબેડકર "સાયમન કમિશન" સમક્ષ અછૂતોના પ્રાણ પ્રશ્નો અને તેના નિરાકરણ ઉપર રજૂઆત કરી આજ સમયે તેમણે એક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. મજુર ચળવળના પણ તેઓ પ્રણેતા બન્યા અને એમના હક્કો તથા સગવડો બાબતમાં ઘણાજ પ્રયત્નો કર્યા. ડૉ. આંબેડકરનું નામ હવે દેશભરમાં જાણીતું થઇ ગયું હતું.

ભારતના ઇતિહાસમાં અન્ય અગત્યની વર્ષોની જેમ ૧૯૩૦ નું વર્ષ પણ ઘણું જ અગત્યનું છે. ૧૯૩૦ માં સાયમન કમિશનનો રીપોર્ટ બહાર પડ્યો અને બ્રિટીશ સરકાર અને ભારતના રાજકીય નેતાઓની વચ્ચેની લડતની શરૂઆત થઇ પ્રાંતીય સ્વાયત્તા પ્રતિ દેશ આગળ વધે એવા ચિન્હો જણાતા હતા. ધારાસભ્યોમાં બેઠકોની ફાળવણી બાબતમાં કોંગ્રેસ પક્ષ, મુસ્લિમ લીગ અને ડૉ.આંબેડકર વચ્ચે મતભેદ રહ્યા અને એકમતી સધાય શકી નહિ. આ મડાગાંઠનો તોડ લાવવા બ્રિટીશ સરકારે લંડનમાં બધા જ પક્ષોના નેતાઓની એક ગોળમેજી પરિષદ બોલાવી. ૬ ડીસેમ્બર ૧૯૩૦ માં ભારતના વાઈસરોય તરફથી ગોળમેજી પરિષદમાં હાજર રહેવા ડૉ.આંબેડકરને આમંત્રણ મળ્યું. આ પરિષદમાં ડૉ.આંબેડકરે ભારતના અછૂતોના પ્રશ્નોની વિશદ (ઉંડાણપુર્વક) અને તલસ્પર્શી રજૂઆત કરી તેમને ખાસ કરીને અછૂતોના રાજકીય અને સામાજિક હક્કો માટે બ્રિટીશ સરકાર પાસે બાહેધરી માંગી. ડૉ.આંબેડકરની રજુઆતે પરિષદના પ્રતિનિધિઓ ઉપર ઊંડી અસર કરી ડૉ. આંબેડકર એક બાહોશ અને નીડર વક્તા હતા. ડૉ. આંબેડકર કડવું પણ સત્ય બોલતા.

[3] વડોદરાના મહારાજા સયાજીરાવ એ માસિક 25 રૂપિયાની સહાય આંબેડકર ને કરી હતી ( સ્કોલરશીપ રૂપે )

૧૪ મી ઓગસ્ટ ૧૯૩૧ માં ડૉ. આંબેડકર અને ગાંધીજીની પ્રથમ મુલાકાત થઇ. ૭ મી સપ્ટેમ્બર ૧૯૩૧ માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ મળી અને એમાં ડૉ.આંબેડકર અન્ય ભારતીય નેતાઓ સાથે હાજર રહ્યા. ડૉ. આંબેડકરે અછૂતોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી. ડૉ.આંબેડકર અને ગાંધીજી વચ્ચે આ બાબતમાં દલીલો થઇ અને છેવટે ઉગ્ર મતભેદ થયા. ગાંધીજી મુસ્લિમો સાથે એકમત સાધવામાં નિષ્ફળ ગયા. ડૉ. આંબેડકર પણ તેમની માંગણીઓમાં મક્કમ રહ્યા. બીજી ગોળમેજી પરિષદ ભાંગી પડી. બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીનો વિરોધ કરવાથી અને તેમની અલગ મતાધિકારની માંગણીના લીધે ડૉ. આંબેડકર ઘણાજ અપ્રિય થયા. સમાચારપત્રોએ ડૉ. આંબેડકર ઉપર ટીકાઓની ઝડી વરસાવી અને કોંગ્રેસના નેતાઓએ તેમના કૃત્યને વખોડી કાઢ્યું. આમ છતાં ડૉ.આંબેડકર ભારતના અછૂતોના પ્રશ્નો સફળ અને સાચી રીતે રજુ કરવામાં શક્તિમાન થયા. લંડનથી પાછા આવ્યા પછી ડૉ.આંબેડકર દેશના જુદા જુદા ભાગોમાં જ્યાં જઈ શક્યા ત્યાં ગયા અને દલિતોની અસંખ્ય મીટીંગો અને પરિષદોનું આયોજન કરીને અને અછૂત-સમાજને જાગૃત કર્યો.

૧૪ મી ઓગસ્ટ ૧૯૩૨ ના રોજ બ્રિટીશ વડાપ્રધાને "કોમ્યુનલ એવોર્ડ" ની જાહેરાત કરી. એમાં ડૉ. આંબેડકરની માંગણીઓને ન્યાય આપવામાં આવ્યો હતો. જે ડૉ. આંબેડકરની સફળતા હતી. આ એવોર્ડના વિરોધમાં ગાંધીજીએ ૨૦મી સપ્ટેમ્બરે પુના જેલમાં આમરણાંત ઉપવાસ શરુ કર્યા. આખાયે દેશનું ધ્યાન ડૉ. આંબેડકર ઉપર કેન્દ્રિત થયું. ગાંધીજીનું જીવન ભયમાં હતું. દેશના નેતાઓ વચ્ચે મંત્રણાઓ થઈ. ડૉ. આંબેડકરની ગાંધીજી સાથે મુલાકાત થઇ. ગાંધીજી,હિંદુ નેતાઓ અને ડૉ. આંબેડકર વચ્ચે છેવટે ૨૪ સપ્ટેમ્બર ૧૯૩૨ માં પુના કરાર[4] થયા અને સમાધાન થયું. ગાંધીજીએ ૨૬ સપ્ટેમ્બરે ઉપવાસના પારણા કર્યા. ત્રીજી અને છેલ્લી ગોળમેજી પરિષદ ૧૭ નવેમ્બર ૧૯૩૨ માં મળી. ડૉ. આંબેડકર હવે રાજકારણના સારા એવા અનુભવી થઇ ગયા હતા.

ડૉ.આંબેડકર ને પહેલાથી જ પ્રખ્યાત પુસ્તકો વાંચવાનો અને સંગ્રહ કરવાનો શોખ હતો. ડૉ.આંબેડકરે દાદર, મુંબઈમાં રહેવા માટે અને ઘણા પુસ્તકોની વિશાળ પ્રાઇવેટ લાઈબ્રેરી ઉભી કરવા 'રાજગૃહ' નામનું સુંદર મકાન બંધાવ્યું. ડૉ. આંબેડકર હવે લોકનેતા બની ગયા હતા. તેઓ હંમેશા પ્રવૃતિમય રહેતા હતા. દલિત સમાજના કાર્યોના કારણે તેઓ તેમની પત્ની તેમજ પુત્ર ઉપર ખાસ ધ્યાન રાખી શકતા નહિ. આજ સમયમાં આંબેડકરને મહામાનવ બનાવવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર તેમની પત્ની રમાબાઈ નું (25 મે 1935) અવસાન થયું. ૧ જૂન ૧૯૩૫ માં મુંબઈની સરકારે ડૉ. આંબેડકરની નિમણુક સરકારી લો કોલેજ મુંબઈના પ્રિન્સીપાલ તરીકે કરી. અનેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોવા છતાં ડૉ. આંબેડકરે પ્રિન્સીપાલ તરીકેની ફરજો સફળ રીતે બજાવી. ઓગસ્ટ ૧૯૩૬ માં ડૉ. આંબેડકરે સ્વતંત્ર મજુર પક્ષની સ્થાપના કરી. ૧૯૩૭ની ચુંટણીમાં ડૉ. આંબેડકર ધારાસભામાં ચુંટાઈ આવ્યા. અને ત્યાં તેમને પ્રભુત્વ જમાવ્યું. ઓક્ટોબર ૧૯૩૯ માં નહેરુની ડૉ. આંબેડકર સાથે પ્રથમ મુલાકાત થઇ. ૧૯૪૦ માં ડૉ. આંબેડકરનું પુસ્તક "પાકિસ્તાન ઉપર વિચારો" પ્રકાશિત થયું. જુલાઈ ૧૯૪૧ માં ડૉ. આંબેડકર ભારતના વાઇસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં પ્રતિનિધિ નિમાયા. ડૉ.આંબેડકરે સ્વબળે અને સમાજના ટેકા સાથે ઉચ્ચ હોદાઓ મેળવવા ચાલુ રાખ્યા. ૧૪ મી એપ્રિલ ૧૯૪૨ માં અખિલ ભારતીય ધોરણે દલિત સમાજે ડૉ. આંબેડકરની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી અને તેમને અભિનંદન અને આશીર્વાદ આપ્યા. ૨૦ જુલાઈ ૧૯૪૨ માં ડૉ.આંબેડકરે ભારતના વાઇસરોયની કેબીનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળી લીધો. સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે "પીપલ્સ એજ્યુકેશન સોસાયટી"ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી. આમ ડૉ. આંબેડકરે જીવનના વિવિધ ક્ષેત્રોમાં તેમનો નમ્ર ફાળો આપવા કોશિષ કરી. વળી ડૉ. આંબેડકરે "શુદ્રો કોણ હતા?" નામનું પુસ્તક લખ્યું અને તે પ્રકાશિત કરાવ્યું.

દેશના બંધારણ ઘડવૈયા તરીકે બાબાસાહેબ આંબેડકરને ઓળખવામાં આવે છે બંધારણના ઘડતરમાં તેમની અમૂલ્ય ભૂમિકા છે. ૧૯૪૬ માં વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણસભા બોલાવી ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવાયો. ડૉ.આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા હતા. ૯ ડીસેમ્બર ૧૯૪૬ માં પ્રથમવાર બંધારણસભા દિલ્હીમાં મળી હતી. ડૉ.આંબેડકર ભારતના બંધારણના માળખા તેમજ લઘુમતી કોમના હક્કો વિશે સચોટ વિચારો વ્યક્ત કર્યા. ૨૯ એપ્રિલ ૧૯૪૭માં બંધારણ સભાએ અશ્પૃશ્યતાને કાયદા દ્વારા ભારતભરમાંથી નાબુદ થયેલી જાહેર કરી. હિંદુ-મુસ્લિમ એકતા સાધી શકાઈ નહિ. છેવટે ભારતના ભાગલા નિશ્ચિત બન્યા. ભારત-પાકિસ્તાન અલગ દેશો અસ્તિત્વમાં આવ્યા. ૩ ઓગસ્ટ ૧૯૪૭ માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. ૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણીય ડ્રાફટીંગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઈ. એક અછૂત કહેવાતા વ્યક્તિની દેશનું બંધારણ ઘડવા માટે પસંદગી થાય એ ખરેખર એ સમયમાં ખુબજ અગત્યની વાત હતી. અનેક મુશ્કેલીઓ અને નાદુરસ્ત તબિયત વચ્ચે પણ ડૉ. આંબેડકર અને બંધારણ સમિતિએ ફેબ્રુઆરી ૧૯૪૮ના છેલા અઠવાડીયામાં ભારતનાં બંધારણની કાચી નકલ તૈયાર કરી અને બંધારણ સભાના પ્રમુખ ડૉ.રાજેન્દ્ર પ્રસાદને સુપ્રત કરી. ડૉ.આંબેડકરે ૧૫ એપ્રિલ ૧૯૪૮માં ડૉ.શારદા કબીર સાથે લગ્ન કર્યા. પત્ની ડોક્ટર હોવાથી તેમની બગડેલી તબિયતમાં ઘણો સુધારો

[4] પુના કરાર એ વિરાટ મહાપુરુષ ડૉ.બાબાસાહેબ આંબેડકરની દલિતોના વિકાસ માટેની અનમોલ ભેટ છે.પુના કરાર ના ફળ સ્વરૂપે દલિતોને તેમના રાજકીય અધિકાર પ્રાપ્ત થયા છે. આજ રાજકીય અને નોકરીના ક્ષેત્રે જે અનામત જોવા મળે છે તેના મૂળ પુના કરારમાં પડેલા છે.

આવ્યો અને તેમનું કાર્ય ફરીથી ચાલુ કર્યું. ભારતના બંધારણના કાચા મુસદ્દાને દેશના લોકોની જાણ માટે અને તેઓના પ્રત્યાઘાતો જાણવા માટે ૬ માસ સુધી જાહેરમાં મૂકવામાં આવ્યો. ૪ નવેમ્બેર ૧૯૪૮ના રોજ ડૉ.આંબેડકરે ભારતના બંધારણને બંધારણસભાની બહાલી માટે રજુ કર્યું. મુખ્યત્વે બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. આ વખતે બંધારણસભાના પ્રતિનિધિઓ તેમજ ડૉ.રાજેન્દ્ર પ્રસાદે ડૉ.આંબેડકરની સેવા અને કાર્યને મુક્ત કંઠે વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો. ડૉ આંબેડકરે 2 વર્ષ 11 મહિના અને 18 દિવસમાં દેશનું બંધારણનું ઘડતર કર્યું હતું

1947 માં દેશને આઝાદી પ્રાપ્ત થયા પછી પણ ભારતીય મહિલાઓને ખરા અર્થમાં આઝાદી મળી ન હતી. મહિલાઓ ઉપર એ જ સદીઓ જૂની ધાર્મિક અને સામાજિક વિચારસરણીઓ લદાયેલી હતી. મહિલાઓને વારસનો હક નહતો. સ્ત્રીઓને છુટાછેડાનો હક ન હતો. પુત્રીને પિતાની સંપત્તિમાં કોઈ હક ન હતો આમ ઘણા બધા હકોથી મહિલાઓને વંચિત રાખવામાં આવી હતી. ડૉ બાબાસાહેબ આંબેડકરથી સ્ત્રીઓ પ્રત્યેનો આવો ભેદભાવ જોવાતો ન હતો તેથી, ડો આંબેડકરે 5 ફેબ્રુઆરી,1951માં મહિલાઓને સમાનતાનો અધિકાર આપવા માટે ''હિન્દૂ કોડ બિલ'' પાર્લામેન્ટમાં રજુ કર્યું. આ બિલએ આખા ભારતને અને ખાસ કરીને હિન્દૂ સમાજને ચોંકાવી દીધું હતું. આ બિલનો ઘણો વિરોધ થયો અને આ બિલ પસાર થયું નહિ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ખુબ દુઃખી થઇ ગયા અને અમને દેશના પ્રથમ કાયદા પ્રધાન પદેથી રાજીનામુ આપ્યું અને હિન્દૂ ધર્મમાં રહીને અસ્પૃસ્યતા નાબૂદ કરવી અશક્ય લગતા તેમને ધર્મ પરિવર્તન કરવાનો નિર્ણય લીધો. તેમને એક પરિષદમાં કરૂણ સ્વરમાં કહયું કે ''એક હિન્દૂ તરીકે જન્મ્યો તે મારા હાથ ની વાત ન હતી પરંતુ હિન્દૂ તરીકે કદાપિ મરીશ નહિ''. ડૉ.આંબેડકરે વિશ્વના મહાન ધર્મોનો અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ તેમને ''બુદ્ધ અને તેમનો ધમ્મ'' પુસ્તક લખી પ્રસિદ્ધ કર્યું. આંબેડકરે કહ્યું હતું તે મુજબ તેમને 14 ઓક્ટોમ્બર 1956 ના રોજ નાગપુર દીક્ષાભૂમિ માં 600000 દલિતો સાથે નવયાન બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો.

એક ગરીબ મહાર પરિવારમાં જન્મેલા ભીમરાવે ભારતની વર્ણવ્યવસ્થાના નામે ઓળખાતી સામાજિક ભેદભાવની પરંપરા વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી હતી. તેઓ શરૂઆતના ગણ્યાગાંઠ્યા દલિત સ્નાતકોમાંના એક હતા. તેમણે બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો અને લાખો દલિતોને નવયાન બૌદ્ધ સંપ્રદાયમાં ધર્મ પરીવર્તન કરવા માટે પ્રેરિત કર્યા. ૫ જૂન ૧૯૫૨ના દિવસે કોલમ્બિયા યુનિવર્સીટીએ એમને સર્વોચ એવી "ડોક્ટર એટ લો"ની પદવી આપી. ૧૨ જાન્યુઆરી ૧૯૫૩ને દિવસે ભારતની ઓસ્માનિયા યુનીવર્સીટીએ ડૉ. આંબેડકરને "ડોક્ટર ઓફ લીટરેચર"ની ઉચ્ચ પદવી આપી. આમ એક વિદ્વાન તરીકે નામના કાઢ્યા પછી તેઓએ થોડા સમય માટે વકીલાત કરી હતી. ત્યારબાદ તેઓએ ભારતના દલિતોના રાજનૈતિક હકો અને સામાજિક સ્વતંત્રતા માટે લડત આદરી હતી. તેઓની ખરાબ તબિયતને કારણે તેઓ બહુ લાંબુ જીવી શક્યા નહી. ૬ ડિસેમ્બર ૧૯૫૬ની વહેલી સવારે તેઓનું દિલ્લીમાં અવસાન થયું. આંબેડકરને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી ૧૯૯૦માં નવાજવામા આવ્યા હતા. કવિવર એ.કે.ડોડિયાએ આંબેડકર વિશે લખ્યું છે.

હોવાનો હુંકાર હતો એ, યુગનો ચમત્કાર હતો એ,
બંધારણ ઘડનાર હતો એ,યુગનો સર્જનહાર હતો એ,[5]

અમેરિકાની વિશ્વ પ્રસિદ્ધ કોલંબિયા યુનિવર્સિટી ને 2012-13 માં 300 વર્ષ પુરા થવાથી ત્યાં એક સર્વે કરવામાં આવ્યો કે આ યુનિવર્સિટીમાં ભણી ગયેલા ઓમાં સૌથી હોશિયાર વિધાર્થી કોણ? તેમાં 6 નામો આવ્યા જેમાં ડૉ .ભીમરાવ આંબેડકરનું નામ પહેલા નંબરે હતું. આ યુનિવર્સિટીના મુખ્ય દરવાજા ઉપર ડો.બાબાસાહેબનો ફોટો પણ લગાવામાં આવેલ છે અને તેની નીચે લખ્યું છે ''સિમ્બોલ ઓફ નોલેજ''. ભીમરાવ આંબેડકરને કોટી કોટી નમસ્કાર. આપણા માટે ગર્વની વાત છે કે તે આવું પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર મહાપુરુષ આપણી ભારતમાં જન્મ્યા અને ભારતનું બંધારણ ઘડવામાં પોતાની અમૂલ્ય ફાળો આપ્યો.

## સંદર્ભ સૂચિ

1. एल.आर.बाली ,(सितंबर २००८),''डॉ आंबेडकर कलम का कमाल सम्पूर्ण वाड्मय का सार -भाग -२ '', प्रकाशक भीम पत्रिका आबादपुरा जलंधर -१४४००३ ,पहला सस्करण (सितंबर २००८),पृष्ठ संख्या १३,१४२,३२३,३७१
2. सतनाम सिंह (२०१३ ),''सवतंत्रता संग्राममे अछूत जातियों का योगदान (१८५७ से १९४७ तक)'',सम्यक प्रकासक नई दिल्ही -११००६३, प्रथम सस्करण २०१३ ,(ISBN - 978-93-82842-46-0 ), पृष्ठ संख्या २९४-३११
3. ડૉ અમિત પી જ્યોતિકર, (માર્ચ 2018) ''બંધારણ ના એકમાત્ર ઘડવૈયા ડૉ બાબાસાહેબ આંબેડકર''પ્રકાશક - ગુજરાત નાગરિક અધિકર આંદોલન, પ્રથમ આવૃત્તિ, પાના નં: 12 થી 18
4. સુરેશ સાળવે (માર્ચ 2018),''માનવતાના પ્રહરી'' પ્રકાશક ગજાનન ગ્રાફિક્સ - વ્યારા, પ્રથમ આવૃત્તિ, પાના નં:106 થી 117

[5] ડૉ.કલ્પેશ વોરા, મહામાનવ આંબેડકર , પાન નં: 21

5. ડૉ કલ્પેશ પી. વોરા(2017),,''મહામાનવ આંબેડકર'',પ્રકાશક -ગુજરાત નાગરિક અધિકાર આંદોલન અમદાવાદ , પ્રથમ આવૃત્તિ પાના નં:18 -19
6. https://en.wikipedia.org/wiki/B._R._Ambedkar (22-2-2020 12;31 pm)
7. https://en.wikipedia.org/wiki/Ambedkar_family (2-3-2020, 2 PM)
8. https://guides.library.illinois.edu/c.php?g=532151&p=3668213 (2-3-2020, 3 PM)
9. http://nobelprize.aimjapan.org/ (2-3-2020, 3:30 PM )